હિંમતનગરમાં ચર્ચાસ્પદ ઘરફોડ ચોરી મામલે ત્રણ ઓરોપીઓને મુદ્દામાલ સાથે પકડ્યા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં બનતા મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ બનતા અટકાવવા તેમજ અગાઉ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલીકના માર્ગદર્શન મુજબ પો.ઈન્સ. વી.આર. ચાવડાએ એલ.સી.બી. શાખાની અલગ અલગ ટીમો બનાવી નજીકના સમયમાં બનેલ મિલ્કત સબંધી ગુન્હાઓની

માહીતીઓ એકત્રીત કરી અસરકારક કામગીરી કરવા આદેશ કરેલ જે અનુસંધાને તાજેતરમાં સોનીબજારની તીરૂપતી જવેલર્સ દુકાનમાં ચોરી થયેલ જે અંગે પો.સ.ઈ. જે.એમ.પરમારની સાથે હેડ કોન્સ. હરપાલસિંહ તથા હેડ કોન્સ. મો.સલીમ તથા હેડ કોન્સ. રજુસિંહ તથા પો.કો. નિરીલકુમાર તથા ડ્રા.પો.કો. ચંદ્રસિંહ તથા પો.કો. વિરેન્દ્રસિંહ તથા પો.કો. દિલીપસિંહ તથા પો.કો.મહેન્દ્રકુમાર વિગેરે સ્ટાફના માણસોએ આ બનાવ અંગે અલગ અલગ દિશામાં ખાનગી બાતમીદારોથી તેમજ ટેકનીકલ સર્વેલન્સથી માહીતી એકત્રીત કરી ગુન્હો શોધી કાઢવા સઘન પ્રયત્નો ચાલુ હતા. દરમ્યાન આજરોજ હિંમતનગર શહેરમાં ઉપરોકત માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ટેકનીકલ સર્વેલન્સ આધારે તથા ખાનગી બાતમીદારથી સચોટ માહીતી મળેલ કે, જુના બજારમાં તીરૂપતી જવેલર્સ નામની દુકાનનુ તાળુ તોડી દુકાનની અંદર પ્રવેશી સોના ચાંદીના દાગીનાની ચોરી થયેલ જે ચોરી કરનાર ઈસમો કાલબેલીયા (જોગી) ગેંગના ત્રણેક ઈસમો તેમની પાસેની એક કાળા કલરની હિરો સ્પલેન્ડર મો.સા. નંબર આર.જે. ૨૭ બી.જે. ૯૯૭૧ની લઈ હાલમાં મહેતાપુરા નદીના ઢાળમાં રોડની સાઈડમાં ચોરી કરેલ મુદ્દામાલ વેચવાની પેરવી કરી રહેલ છે તેવી હકીકત મળતા મહેતાપુરા નદીના ઢાળમાં જઈ જોતા ત્રણ ઈમસો હાથમાં પ્લા.ની થેલી લઈ ઉભા હોઈ સદરી ઈસમોને કોર્ડન કરી પકડી પાડી સદરી ઈસમો પાસેની પ્લા.ની થેલીમાં જોતા સફેદ ધાતુના સોના ચાંદી જેવા દાગીના હોઈ જે બાબતે ત્રણેય ઈસમોને પુછતા કોઈ સંતોષકારક પ્રથમ જવાબ આપતા ન હોઈ ત્રણેય ઈસમો પૈકી જેના હાથમાં પ્લા.ની થેલી પકડેલ તે ઈસમ નામ કૈલાસ સ/ઓ રમેશ કાલબેલીયા (જોગી), મુળ રહે. કાલબેલીયા મહોલ્લા, ડીંગડી, તા.સરાડા જી.ઉદેપુર રાજસ્થાન, હાલ રહે. હિંમતનગર બળવંતપુરા રામદેવ હોટલની પાછળ છાપરામાં તા.હિંમતનગર જી.સાબરકાંઠા વાળો તથા રાજુ સ/ઓ રમેશ કાલબેલીયા (જોગી), મુળ રહે.કાલબેલીયા મહોલ્લા, ડીંગડી, તા.સરાડા જી.ઉદેપુર રાજસ્થાન, હાલ રહે.હિંમતનગર બળવંતપુરા રામદેવ હોટલની પાછળ છાપરામાં તા.હિંમતનગર જી.સાબરકાંઠા વાળો તથા સુનિલ ઉર્ફે સિવો સ/ઓ હિરાલાલ ખટીક (ચંદેરીયા) મુળ રહે.બદલા છગન કોલોની, ખેરવાડા તા.ખેરવાડા જી.ઉદેપુર રાજસ્થાન, હાલ રહે.હિંમતનગર બળવંતપુરા રામદેવ હોટલની પાછળ છાપરામાં તા.હિંમતનગર જી.સાબરકાંઠા વાળો હોવાનું જણાવતા સદરી ઈસમો પાસે પોતાના કબજામાંના સોના ચાંદી જેવા દાગીના ત્રણેય ઈસમોએ ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનું જણાતુ હોઈ ત્રણેય ઈસમોને વારાફરતી યુકિત પ્રયુકિતથી પુછપરછ કરતા ત્રણેય ઈસમોએ જણાવેલ કે, અમો ત્રણેય જણાઓએ આજથી આશરે પંદરેક દિવસ પહેલા હિંમતનગર જુના બજારમાં અમો ત્રણેય જણાઓએ ઉપરોકત મો.સા. ઉપર આવી રાત્રીના સમયે તીરૂપતી જવેલર્સ નામની દુકાન તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા સદરી ત્રણેય આરોપીઓને તા. ૪-૯-૧૯ના ક.૧૬/૩૦ વાગે અટક કરી આગળની વધુ તપાસ સારૂ હિંમતનગર બી-ડીવીજન પો.સ્ટે. સોપેલ છે. તેમજ સદરી આરોપીઓએ તે સીવાય નીચે મુજબના ગુન્હાઓની કબુલાત કરેલ છે.

ડીસાની કોર્ટમાં અલ્પેશ ઠાકોર હાજર, આગામી ૨૪ સપ્ટેમ્બરે વધુ સુનાવણી

ડીસા, તા. ૫

બનાસકાંઠાના તત્કાલીન જિલ્લા પોલીસ વડા સામે ૪૨ લાખનો હપ્તો લેતા હોવાના આક્ષેપો કર્યા બાદ તત્કાલીન જિલ્લા પોલીસ વડાએ અલ્પેશ ઠાકોર વિરુદ્ધ ડીસા કોર્ટમાં કેશ દાખલ કર્યો હતો. જોકે અલ્પેશ ઠાકોર કોર્ટમાં ગેર હાજર રહેતા તેમના વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. ત્યારે ગઈકાલે ગુરુવારે અલ્પેશ ઠાકોર ડીસા કોર્ટમાં હાજર

રહેતા તેમને ૨૪ સપ્ટેમ્બરે કોર્ટમાં હાજર રહેવા નામદાર કોર્ટે હુકમ કર્યો હતો.

ડીસાના આસેડા ગામ ખાતે જાહેર સભામાં તત્કાલીન જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર સામે અલ્પેશ ઠાકોરે બૂટલેગરો પાસેથી ૪૨ લાખનો હપ્તો લેતા હોવાના આક્ષેપ કર્યો હતો. આ મામલે તત્કાલીન પોલીસ વડાએ અલ્પેશ ઠાકોર વિરુદ્ધ ડીસા કોર્ટમાં બદનક્ષી કેશ દાખલ કર્યો હતો. પરંતુ અલ્પેશ ઠાકોર કોર્ટમાં હાજર ના રહેતા કોર્ટે અગાઉ અલ્પેશ ઠાકોર વિરુદ્ધ વોરંટ ઈસ્યુ કર્યું હતું. ત્યારે ગુરુવારે ડીસા કોર્ટમાં અલ્પેશ ઠાકોર હાજર થયા હતા. જ્યા ડીસા કોર્ટના એડી.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ.એસ. ખૂટવડની કોર્ટમાં હાજર રહેતા તેઓને ૨૪ સપ્ટેમ્બરના રોજ કોર્ટમાં હાજર રહેવા સુનાવણી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે ડીસા કોર્ટમાં મારા પર જે કેશ થયો હતો પરંતુ વ્યસ્ત કાર્યક્રમના કારણે હું નહતો આવી શકતો આજે કોર્ટ સમક્ષ હાજર થયો હતો. જજ સમક્ષ જે તે જવાબ આપી ચુક્યો છું.

વડગામથી ગોળા સુધીના માર્ગ પર ઠેર-ઠેર ખાડા

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકા મથકથી અંબાજી જવાના માર્ગ ઉપર આવેલા ગોળા સુધીના માર્ગ ઉપર ઠેર ઠેર ખાડા પડ્યા હોવાથી પદયાત્રીઓ માટે આ રોડ ભારે મુશ્કેલીઓ સર્જે તેવી સ્થિતિ સર્જાઈ છે.

વડગામ થી વાયા પરખડી છનિયાણા થઈ ને ગોળા અંબાજી જવાનો રોડ આવેલો છે. જે રોડ વચ્ચે ખાડા પડ્યા હોવાના તેમજ પાણી ભરાઈ રહેતું હોવાથી આ વર્ષમાં અંબાના ધામમાં પુરવા માટેની કામગીરી આરંભાઈ છે. ખાડા પુરવાની કામગીરીમાં પણ વેઠવાળવામાં આવતાં પદયાત્રીઓ માટે આ રોડ મુશ્કેલીભર્યો બની રહે તેવી ભીતી લોકોને સતાવી રહી છે. છનિયાણાથી ગોળા વચ્ચેના રોડમાં ખાડા પુરવા માત્ર કપચી નાંખીને માત્ર ખાડા પુરવાના ઢોંગ માર્ગ મકાન દ્વારા કરાઈ રહ્યા છે. જે કપચી પણ ખુલ્લી રહેતા રોડ ઉપર વિખેરાતી રહી છે. એટલુ જ નહીં પણ રોડની સાઈડોની સફાઈ કરવામાં

ચાલતા જતા પદયાત્રીઓને આ માર્ગ ઉપર ભારે મુશ્કેલીઓ વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. વડગામથી ગોળા સુધીનો માર્ગ સ્ટેટના માર્ગ મકાન વિભાગ હેઠળ આવેલો છે. જે માર્ગ ઉપર સ્ટેટ વિભાગના સત્તાધીશો દ્વારા 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવા' જેવા ઘાટ સર્જાયા છે. હવે અંબાજી મહામેળાના ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સ્ટેટના માર્ગ મકાન વિભાગ દ્વારા આ રોડનુ સમારકામ કરવાના બદલે હવે રોડ વચ્ચે પડેલા ખાડાઓ પણ વેઠવાળવા માં આવી છે જેના કારણેમાં અંબાના ધામમાં દર્શનાર્થે જતામાં ભક્તોની ભારે કસોટી થાય તેવું આ રોડ ઉપર જોવા મળી રહ્યું છે. રાજયના માર્ગ મકાન વિભાગ દ્વારા વડગામથી ગોળા સુધીના રોડમાં સમારકામ અને સાઈડોની સફાઈના નામે બિલો મુકીને ભારે ગેરરીતિઓ આચરાય તે પહેલાં જવાબદાર ઉચ્ચ અધિકારીઓ વ્યવસ્થિત કામ કરાવીને માના ભક્તોને મુશ્કેલીઓ ના વેઠવી પડે તે માટે મદદરૂપ બને તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

પાલનપુરમાં કેળાની વખારમાં ફૂડ એન્ડ ડ્રગની ટીમના દરોડા

પાલનપુર, તા. ૫

પાલનપુર જુના માર્કેટયાર્ડમાં બુધવારે સાંજના સુમારે કેળાની વખારમાં ફૂડ એન્ડ ડ્રગની ટીમે ઓચિંતા દરોડા પાડતા અફરાતફરી મચી જવા પામી હતી. જ્યાંથી કેમિકલ યુક્ત પાણીથી

પકવવામાં આવી રહેલા રૂપિયા ૧ લાખનો ૨ ટન કેળાનો જથ્થો કબ્જે લેવાયો હતો. આ અંગે કેળા પકવવાનું કેમિકલ લેબોરેટરીમાં મોકલી જપ્ત કરાયેલો કેળાનો જથ્થો નાશ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

પાલનપુરમાં કેરીની સિઝન હોય કે કેળાની કેટલાક વેપારીઓ કમાઈ લેવાની લ્હાયમાં કેમિકલથી ફળો પકવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતાં હોય છે. અગાઉ પણ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા આવા વેપારીઓ સામે દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે પાલનપુરમાં પાલનપુર જુના માર્કેટયાર્ડમાં બુધવારે સાંજના સુમારે કેળાની વખારમાં ફૂડ એન્ડ ડ્રગની ટીમે ઓચિંતા દરોડા પાડતા અફરાતફરી મચી જવા પામી હતી. જ્યાંથી ડેઝીગેશન અધિકારી ડી.જી. ગામીત, ફૂડ સેફટી અધિકારી પી.આર. સુથાર અને ટી. એચ. પટેલે કેળાના વેપારી જયંતીભાઈ મણીભાઈ પટણી દ્વારા વખારમાં કેમિકલયુક્ત પાણીથી પકવવામાં આવતાં રૂપિયા ૧ લાખનો ૨ ટન કેળાનો જથ્થો કબ્જે લેવાયો હતો. આ અંગે કેળા પકવવાનું કેમિકલ લેબોરેટરીમાં મોકલી જપ્ત કરાયેલો કેળાનો જથ્થો નાશ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીના પગલે કેમિકલથી કેળા પકવતાં શહેરમાં અન્ય વેપારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.



માલપુર ગણેશ મહોત્સવમાં ભક્તિભાવના રંગે રંગાયું

માલપુર નગરમાં ગણેશ મહોત્સવની ભારે ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. માલપુરના મુખ્ય બજારમાં આવેલ લીમડાચોકમાં માલપુરનગર કે રાજા નામના ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. દસ દિવસ ચાલનારા આ મહોત્સવમાં દરરોજ સવાર સાંજ ભગવાનની વૈદિક મંત્રો અને ગણપતિ અથર્વશેષના પાઠ સહિત આરતી પૂજન કરવામાં આવે છે. રાત્રે અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભજન સત્સંગ કરવામાં આવે છે. એ સિવાય માલપુરમાં ખાડિયાકા રાજા ભવનાથ મંદિર ગોરોવાડ અને અંધારીવાડી વિસ્તારમાં ગણેશ મહોત્સવની ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવે છે. માલપુરનગર કે રાજા ગણેશ મહોત્સવનું આયોજન મયુરભાઈ દરજી અને તેમની ટીમ દ્વારા ભવ્ય રીતે કરવામાં આવ્યું છે.

પાલનપુરમાં રાષ્ટ્રીય પોષણ અભિયાન અંતર્ગત રેલી યોજાઈ

પાલનપુર, તા. ૫

બનાસકાંઠા આઈસીડીએસ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ અભિયાન અંતર્ગત પોષણ માસની ઉજવણીના ભાગરૂપે લોકોમાં જાગૃતી આવે તેવા ઉમદા હેતુથી પાલનપુર કલેક્ટક કચેરી ખાતેથી ગુરૂવારે રેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ રેલીને ડીઆરડીના ડાયરેક્ટર રવિન્દ્રસિંહ વાળાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. ત્યારબાદ રેલી કોઝી, ગુરુનાનક ચોક, સિટીલાઈટ, સંજયચોક થઈ સિવીલ હોસ્પિટલ ખાતે પહોંચી હતી. જ્યાં રેલીમાં જાડાયેલા મહીલાઓએ જિલ્લામાંથી કુપોષણ દુર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ કાર્યક્રમમાં ડીઆરડી ડાયરેક્ટર રવિન્દ્રસિંહ વાળા, જિલ્લા આરોગ્ય અધિકારી સંજયભાઈ શાહ, મહીલા અને બાળ સુરક્ષા અધિકારી અને ઈન્ચાર્જ આસીડીએસ પ્રોગ્રામ ઓફીસર સુલોચનાબેન પટેલ, કાશ્મીરાબેન ઠાકર સહીત આગણવાડી,આશા વર્કર અને એએનએમનો સ્ટાફ રેલીમાં જાડાયો હતો.

આભ ફાટ્યું...

● પહેલા પાનાનું ચાલુ

મેઘરાજાનો રાઉન્ડ શરૂ થયો છે. અને મેઘરાજાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ વાપીમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે લોકોના દુકાનો, ઘરોમાં અને ઔદ્યોગિક એકમોમાં પણ વરસાદી પાણી ફરી વળ્યા હતા. વલસાડ જિલ્લામાં ધરમપુર, કપરાડા, ઉમરગામ, પારડી, વલસાડ, વાપી તાલુકાઓમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. જેમાં ઉમરગામમાં ૬ ઈંચથી વધુ, વલસાડમાં પ.૬, ધરમપુરમાં ૪.૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. સુરતના ઓલપાડ અને નવસારીના ગણદેવીમાં પણ ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. વાપીના ગુંજન, છરવાડા સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા અને જાહેર માર્ગ પર ઘૂંટણ સમા પાણી ભરાયા હતા. પારડી તાલુકામાં પણ ૯.૫ ઈંચ વરસાદના કારણે સવારે નોકરી ધંધે અને શાળા કોલેજ જનારા વિદ્યાર્થીઓ,ગામડેથી નોકરી જતા વર્ગના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. તો, સમગ્ર સૌરાષ્ટ્ર પંથકમાં પણ આજે સવારથી જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. રાજુલા પંથકમાં સતત મેઘરાજા મહેરબાન બન્યા હોય તેમ આજે વહેલી સવારથી જ ધોધમાર વરસાદ નોંધાયો હતો. રાજુલાના નવા આગરીયા, મોટા આગરીયા સહિત ગામોમાં ધોધમાર વરસાદ પડતા સ્થાનિક નદીઓમાં પૂર આવ્યા હતા. વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેમજ ખાંભા પંથકમાં આજે સવારે ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. તાલાલા અને ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર પાંચ કલાકમાં છ ઈંચથી વધુ વરસાદ વરસતા રસ્તાઓ અને ખેતરો પાણી પાણી થઈ ગયા હતા. જયારે સુત્રાપાડામાં દોઢ ઈંચ અને વેરાવળ, ગીરગઢડામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. રાજકોટ, ઉપલેટા, કોટડાસાંગાણી, જેતપુર, જસદણ, જામકંડોરણા, ધોરાજી, રાજકોટ શહેર, લોધિકા, વીંછિયા સહિતના પંથકોમાં સારો એવો વરસાદ નોંધાયો હતો. તો અમરેલી, જૂનાગઢ, માંગરોળ, જામનગર, ગીર સોમનાથ સહિતના પંથકમાં ગીર જંગલ વિસ્તાર, દીવ, ઉનાના વાવરડા, પાતાપર, ઉમેજ, ભાચા. ભડિયાદર, કાંધી અને પડાપાદર, ખાંભા, ઉમેજ સહિતના પંથકોમાં પણ નોંધપાત્ર વરસાદ પડયો હતો. દરમિયાન અમદાવાદ સહિત ગુજરાતભરમાં હાલ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ૭ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની શક્યતા જણાવી હતી ત્યારે વધુ બે દિવસ એટલે કે તા.૯ સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

ચિદમ્બરમને તિહાર જેલમાં...

● પહેલા પાનાનું ચાલુ

ચિદમ્બરમને કોર્ટમાં રજૂ કર્યા હતા. આ ગાળા દરમિયાન સીબીઆઈએ તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાની માંગ કરી હતી જ્યારે ચિદમ્બરમના વકીલ સિબ્બલે આનો વિરોધ કર્યો હતો. આ પહેલા દિવસમાં સુપ્રીમ કોર્ટે મોટા ઘટનાક્રમ વચ્ચે ઈડીની રજૂઆતને યોગ્ય ઠેરવી હતી. ચિદમ્બરમની અરજીને ફગાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સામાન્યરીતે આર્થિક અપરાધમાં આગોતરા જામીન અપાતા નથી. તથ્યો અને પરિસ્થિતિ પર ધ્યાન રાખીને આ કેસ આગોતરા જામીન માટે યોગ્ય નથી. ચિદમ્બરમને સીબીઆઈએ રાઉજ એવેન્યુ કોર્ટમાં રજૂ કર્યા હતા. તેમના વકીલ કપિલ સિબ્બલે કોર્ટમાં કહ્યું હતું કે, તેમના અસીલે ઈડી સામે શરણાગતિ સ્વીકારી લીધી છે. અગાઉ સુપ્રીમ કોર્ટે તેમને આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં ઈડીની ધરપકડની સામે વચગાળાની જામીન અરજીને ફગાવી દીધી હતા. ચિદમ્બરમે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલા આઈએનએક્સ મિડિયા મની લોન્ડરિંગ કેસમાં જામીન નહીં આપવાના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાની સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે ચિદમ્બરમની આ અરજી પર પોતાનો ચુકાદો ૨૯મી ઓગષ્ટના દિવસે અનામત રાખ્યો હતો. આજે જસ્ટીસ આર ભાનુમતિ અને જસ્ટીસ એએસ બોપન્નાની બેંચે કહ્યુ હતુ કે આ મામલો આગોતરા જામીન આપવા લાયક નથી. હાલના સમયમાં ચિદમ્બરમને જામીન મળવાથી તપાસને અસર થશે.

પાંચ ટ્રિલિયન...

● પહેલા પાનાનું ચાલુ

વ્લાદિવોસ્તોકમાં રશિયા અને ભારતના પ્રતિનિધિમંડળ વચ્ચે ૨૦માં રાષ્ટ્રીય સંમેલન બાદ બંને દેશોએ સંરક્ષણ, ટેકનોલોજી, એનર્જીથી લઈને સ્પેશ મિશન સુધીના જુદા જુદા વિષય ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આશરે બે કલાક સુધી ચાલેલા આ સંમેલનમાં બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે અનેક વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. ભારત અને રશિયા એક મલ્ટીપોલર દુનિયાને સારીરીતે સમજે છે. અમે બ્રિક્સ અને એચસીઓ જેવા ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. અનેક વૈશ્વિક મંચ ઉપર સાથે કામ કરી રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, ભારત અને રશિયાની સરકારે જરૂરી કોમોડિટી એક્ટમાં સુધારા કરવાની તૈયારી કરી લેવામાં આવી છે જેના ભાગરુપે કોમોડિટી એક્ટને વધારે ઓછા પ્રમાણમાં કઠોર રાખીને લોકલક્ષી બનાવવામાં આવશે. કોમોડિટી એક્ટમાં નિયમોને હળવા કરવાની તૈયારી શરૂ થઈ ચુકી છે અને હળવા કરવા માટે રાજ્યો તરફથી સહકારની માંગ કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવી ચુકી છે. કોમોડિટી એક્ટને સરળ કરીને આ કાયદા હેઠળ કરવામાં આવેલા ગુના માટે જેલની ફરજિયાત સજાને રદ કરી દેવામાં આવશે. ખાદ્યાન્ન મંત્રી રામવિલાસ પાસવાને આજે રાજ્યોના મંત્રીઓ સાથે વિસ્તારપૂર્વક બેઠક યોજી હતી.

આ બેઠકમાં જુદા જુદા પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજ્યો પાસેથી સહકાર મેળવીને કોમોડિટી એક્ટના કઠોર નિયમોને હળવા કરવામાં આવી રહ્યા છે. ભાવ સ્થિર રાખવા માટે એક ફંડની રચના કરવાની હિલચાલ પણ ચાલી રહી છે. આના માટે રાજ્યોને આદેશ પણ કરવામાં આવી ચુક્યો છે. તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમતોને અંકુશમાં રાખવા માટે રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે. માર્ચ ૨૦૨૦ સુધીમાં આંતરરાજ્ય પોર્ટેબિલિ દેવામાં આવશે. રેશનિંગ કાર્ડની સ્કીમની પોર્ટેબિલિટીને ટૂંકમાં જ અમલી કરવામાં આવનાર છે. ૧૩ રાજ્યોમાં આ સ્કીમને અમલી કરવામાં આવનાર છે. રાજ્યોના મંત્રીઓ સાથે રામવિલાસ પાસવાન દ્વારા આજે બેઠક યોજવામાં આવ્યા બાદ આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા કિંમતોને અંકુશમાં રાખવા વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સાથે સાથે ભાવવધારાને ટાળવાની દિશામાં પહેલ થઈ રહી છે. કઠોર નિયમોને હળવા કરીને સામાન્ય લોકોને વધુને વધુ રાહત આપવાની રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે.

બેરોજગારીના ખપ્પરમાં...

● પહેલા પાનાનું ચાલુ

૨૦૧૯માં ગ્રામ્ય વિસ્તારની દર વર્ષે રોજગારમાં વધારો જોવા મળ્યો છે અને તે ૨.૯ ટકા રહ્યો. જયારે શહેરી વિસ્તારમાં ૦.૨ ટકાનો ઘટાડો નોંધાયો. રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઓગષ્ટમાં શ્રમ ભાગીદારી દરમાં મામૂલી વધારો થયો છે. આ મહીનામાં શ્રમ ભાગીદારી દર ૪૩.૩૫ ટકા પર છે જે ઓકટોબર ૨૦૧૮માં ૪૨.૪૬ ટકા પર હતો. રીપોર્ટ કહે છે કે નોટબંધી અને જીએસટીના ઝાટકામાંથી બહાર આવવાના કારણે શ્રમ ભાગીદારી દર વધી રહ્યો છે. પરંતુ તે રોજગાર દરના આંકડા સાથે સરખામણી થતી નથી. આ સંકેત ખતરાની ઘંટી છે.

જો કે દેશમાં આર્થિક સુસ્તીનો માહોલ છે. આ કારણે અંદાજે દરેક સેકટરમાં છંટણીની ખબરો આવી રહી છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક મહીનામાં દેશના ઓટોમોબાઈલ સેકટરમાં ૨ લાખથી વધુ નોકરીઓ ચાલી ગઈ છે. એવી જ રીતે ટેકસટાઈલ સેકટર, એફએમસીજી સેકટર અને રીયલ એસ્ટેટ સેકટરમાં પણ નોકરીઓ પર સંકટના વાદળો મંડરાઈ રહ્યા છે.

નોટીસ ફટકારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યો છે કે જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. મેલેરિયાના કેસોમાં ગત વર્ષ કરતાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

સંવેદનશીલ વિસ્તારોના કોમર્શીયલ સેન્ટરોની ૧૪ જેટલી સાઈટો પરના ૫૦૦થી વધુ પાત્રોની ચકાસણી કરી હતી. આ પૈકી ૪૨ પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. આથી વેપારીઓને ચેતવણી આપવામાં આવી હતી તેમજ પાત્રોની સ્વચ્છતા અંગે પણ સૂચનાઓ આપી હતી.

આ ટીમોએ નવ નિર્મિત બનેલ સોસાયટીના કુલ ૬૭૭૮ ઘરોનુ પણ સર્વેલન્સ કર્યુ હતુ. આ સોસાયટીઓમાં ૧૭૭૫૯ પાત્રોની ચકાસણી કરી હતી. જે પૈકી ૩૧૬ પાત્રોમાંથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

તંત્રની ટીમો દ્વારા આ પાત્રોનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ વિવિધ સ્થાનો પર એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારીઓમાં પ્રબળ રોષની લાગણી વ્યાપી છે.આજે સાઈકલ સ્ટન્ડ પર ફરજ બજાવતો સ્ટાફ એકત્રિત થયો હતો. આ દરમિયાન કર્મચારીઓએ વિરોધ વ્યકત કરી કર્માચારીઆને લઘુત્તમ વેતન ચુકવી નોકરી પર હાજર કરવા માટે પણ માંગણી કરી હતી. આ કર્મચારીઓને હાલ છુટા કરી દેવાયા છે. જયારે નવા કર્મચારીઓ ફરજ પર હાજર થઈ જતા ગુડાના સાઈકલ સ્ટેન્ડ પર ફરજ બજાવતા આ જુના ઓપરેટરોને પણ છુટા કરી દેવાયા છે. આ મામલે સ્ટેન્ડ પર ફરજ બજાવતા કર્મચારીઓએ જિલ્લા કલેકટર સહીત ગુડાના ચેરમેનને પણ ન્યાય માટે રજુઆત કરી છે.

જય ગોગા યુવક મંડળ દ્વારા ભવ્ય સુંદરકાંડના પાઠનું આયોજન ગણેશ મહોત્સવના પંડાલમાં કરવામાં આવ્યું હતું. શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે સૌ ભકતોએ મોટી સંખ્યામાં પાઠનું ગાન કર્યું હતું.

ડીસાની આદર્શ હાઈસ્કૂલમાં વાલી મંડળ દ્વારા ૧૫૫ શિક્ષકોનું સામુહિક સન્માન

બનાસકાંઠાનું ડીસા શહેર તમામ મોરચે નવી દિશા ચીંધવામાં અગ્રેસર રહે છે ત્યારે આ વર્ષે ડીસાની જૂની અને જાણીતી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા આદર્શ વિદ્યાસંકુલમાં કેળવણીના પાઠ ભણતા બાળકોના વાલીઓએ પણ જાગૃતિની પ્રતીતિ કરાવી આજે વિશ્વ શિક્ષક દિનની ઉજવણી પ્રસંગે આદર્શ વિદ્યાસંકુલના તમામ ગુરુજીઓનું સામુહિક સન્માન કરી નવી દિશા ચીંધી છે.આજે સવારે ડીસાના આદર્શ વિદ્યાસંકુલમાં બે અલગ અલગ સેશનમાં શાળાના વાલી મંડળ દ્વારા વિશ્વ શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત શિક્ષક સન્માન સમારોહ યોજાયા હતા.જે પૈકી પ્રથમ સેશનમાં આદર્શ પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો તેમજ બીજા સેશનમાં શાળાના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ ગુરુગણનું વાલી મંડળો દ્વારા જાહેર સન્માન કરાયું હતું.સંસ્કાર મંડળ, ડીસાના પ્રમુખ ડો.અજયભાઈ જોશી, મંત્રી હિતેશભાઈ અવસ્થિ, પ્રતાપભાઈ ઠક્કર, ભગવનભાઈ ચડોખિયા અને નટુભાઈ પટેલ સહિત અન્ય ટ્રસ્ટીઓ ઉપરાંત ડીસામાં સૌપ્રથમ વાર શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું પારિતોષિક મેળવી શિક્ષકો માટે પથદર્શક બનેલા પ્રખર સાહિત્યકાર કનુભાઈ આચાર્યની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ શિક્ષક સન્માન સમારોહમાં શાળાના પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વાલી મંડળોના હોદ્દેદારો અને જાગૃત વાલીઓએ સ્વહસ્તે શાલ, સન્માનપત્રો અને કલમ અર્પણ કરવામાં આવ્યા હતા.

બસો દોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોમવારથી એસ ટી તંત્ર દ્વારા ગાંધીનગર ડેપોથી રોજ વધારાની ૨૦ બસો અંબાજી રૂટમાં દોડાવાશે. અગિયારસથી પુનમ સુધીના દિવસોમાં ડેપો દ્વારા ૧૨૦ જેટલી વધારાની બસો ખાસ અંબાજી રૂટમાં દોડવાશે. ગાંધીનગર ડેપો દ્વારા આ ઉપરાંત સ્થાનિક મુસાફરોની માંગણીને ધ્યાને લઈ વધારાની બે નવી બસો પણ શરૂ કરવામાં આવી છે. જેમાં પોરબંદર અને આહવાની બે નવી બસો શરૂ કરવામાં આવી છે. સાંજે ૬ : ૩૦ કલાકે પોરબંદર રૂટની તેમજ રાત્રિના ૯ કલાકે એ સી સ્લીપર કોચ આહવા રૂટની બસ પણ શરૂ કરી દેવામાં આવતા મુસાફરોને આ બસ સેવાનો પણ લાભ મળશે.

સંપૂર્ણ ઠપ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારીઓને ઓફિસમાં પણ કાદવ કીચડમાં થઈ જવુ પડી રહ્યુ છે. અહિ પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છરોના બ્રિડીંગ પણ ઉભા થયા છે પરંતુ તંત્ર કામ કરી શકતુ જ નથી. તંત્ર પણ લાચાર છે કારણ કે વાહન પાર્કિંગની પણ જગ્યા નથી અને એટલે જ્યાં જગ્યા મળે ત્યાં વાહન પાર્ક કરવામાં આવે છે. વન વિભાગ આ કામગીરીમાં સાવ અજાણ્યા બની જે વર્તન કરી રહેલ છે તેનાથી કર્મયોગીઓ તેમજ મુલાકાતીઓમાં પણ રોષની લાગણી જન્મી છે.